# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે જણાવ્યું હતું કે સરકાર સહકારી ક્ષેત્રનો વ્યાપ વધારવા માટે અવિરતપણે કામ કરી રહી છે અને ટૂંક સમયમાં દેશભરમાં સહકારી ટેક્સી, સહકારી વીમો અને સહકારી વચ્ચે સહકાર પ્રોજેક્ટ જેવી પહેલો શરૂ કરશે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે નાબાર્ડ-IAMAI અર્થ સમિટ 2025 ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા, તેમણે આ મુજબ જણાવ્યું,

(બાઈટ: અમિત શાહ – સહકાર ટેક્સી)

શ્રી શાહે પુનરોચ્ચાર કર્યો કે ગ્રામીણ અર્થતંત્રોને મજબૂત કર્યા વિના વિકસિત ભારતનું સ્વપ્ન શક્ય બનશે નહીં. તેમણે ભાર મૂક્યો કે સહકારી ક્ષેત્રનો વિકાસ આપમેળે ગ્રામીણ અને કૃષિ વિકાસને સુનિશ્ચિત કરશે.

(બાઈટ: અમિત શાહ – મંત્રાલય બજેટ)

તેમણે કહ્યું કે સરકાર આગામી વર્ષોમાં દેશના GDP માં સહકારી ક્ષેત્રના યોગદાનને ત્રણ ગણો વધારવાનું લક્ષ્ય ધરાવે છે.

બે દિવસીય સમિટ 'વૈશ્વિક પરિવર્તન માટે ગ્રામીણ નવીનતાનું સશક્તિકરણ' થીમ પર કેન્દ્રિત છે. દિવસની શરૂઆતમાં, શ્રી શાહે અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે સ્વદેશોત્સવનું ઉદ્ઘાટન કર્યું. બાદમાં, મંત્રી તેમના ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં અનેક જાહેર સુવિધાઓ અને નાગરિક પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે, જેમાં નવનિર્મિત રેલ્વે ઓવરબ્રિજ અને અંડરબ્રિજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો સમાવેશ થાય છે. સાંજે,

તેઓ સંસદ સ્પોર્ટ્સ ફેસ્ટિવલના સમાપન સમારોહમાં હાજરી આપશે, ત્યારબાદ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . .

# CM MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહેસાણા જિલ્લાના ઊંઝાના મક્તુપુર ખાતે મેનાબા રોટરી મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે આજે દરેક તાલુકામાં ડાયાલિસિસ સેન્ટર અને દરેક જિલ્લામાં કિમોથેરાપી સેન્ટર શરૂ થયા છે, જેના કારણે લોકોને ગંભીર રોગોની સારવાર માટે દૂર જવું પડતું નથી. આ કાર્યક્રમ દરમિયાન નાગરિકોને ઉત્તમ આરોગ્ય સેવા પૂરી પાડવાના યજ્ઞમાં પોતાનું યોગદાન આપનાર સૌ દાતાશ્રીઓને સન્માનિત પણ કરાયા. આ પ્રસંગે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# BOTAD SIR

સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા-SIR ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે બોટાદ જિલ્લાની થઈ રહેલી કામગીરી અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : પ્રકાશ ભિમાણી)

. . . . . . . . . . . . .

# MAHISAGAR- SHIYALU SINCHAI

મહિસાગર જિલ્લાના ખેડૂતોની માંગને લઇને શિયાળુ સિઝન માટે પાણી છોડવામાં આવ્યું છે. રવિ પાકમાં ઘઉં, ચણા અને મકાઇના વાવેતર માટે ખેડૂતોએ પાણીની માગ કરી હતી. જેથી સિંચાઇ વિભાગ દ્વારા ભાદર ડેમમાંથી ભાદર કેનાલમાં પાણી છોડવામાં આવ્યું છે. જેનો જિલ્લાના ખાનપુર, વીરપુર અને લુણાવાડા તાલુકાના 6 હજાર ખેડૂતોને તેનો લાભ મળશે.

. . . . . . . . . . . . .

# CHHOTAUDEPUR- AAVAS LABH

સમગ્ર રાજ્યમાં આવાસનો લાભ આપવામાં છોટાઉદેપુર જિલ્લાએ ત્રીજો ક્રમ મેળવ્યો છે.

આદિવાસી બહુલ ધરાવતાં છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારમાં કાચાં મકાનમાં રહેતાં 57 હજાર 160 જેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જયારે 3 હજાર 903 જેટલા આવાસના કામ પ્રગતિમાં છે. જ્યારે બીજા તબક્કાના આવાસની સર્વેની કામગીરી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# AMRELI-KONGO FEVER

અમરેલી જિલ્લામાં કોંગો ફીવરનો  શંકાસ્પદ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. સાવરકુંડલા તાલુકાના માનવ મંદિર આશ્રમ ગુરુકુળના એક વિદ્યાર્થીને શંકાસ્પદ કોંગો ફીવરના લક્ષણો જણાતા તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

અમારા અમરેલીના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે આ શંકાસ્પદ કેસની જાણ થતા જ અમરેલી આરોગ્ય વિભાગની ટીમ માનવ મંદિર પહોંચી હતી અને આશ્રમ, હોસ્ટેલ અને ગૌશાળામાં તપાસ હાથ ધરી હતી. પશુ વિભાગની ટીમો દ્વારા ગૌશાળામાંથી વિવિધ પશુઓના સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા અને ગૌશાળા તથા આસપાસના વિસ્તારમાં દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો. જિલ્લા મેડિકલ ઓફિસર એ.કે. સિંઘે આ શંકાસ્પદ કેસની પુષ્ટિ કરી હતી.

. . . . . . . . . . . . .